ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૮.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૩૩ ટકા

# શહેરમાં વધતા કેસની સાથે સતર્કતા વધી

ગાંધીનગર, તા.૪

નગરમાં કોરોનાના કેસની સંખ્યા દિવસે ને દિવસે વધતી જઈ રહી છે. આમ તો તમામ નગરજનોને આ રોગ વિશેની સતર્કતા આવી જ ગઈ છે. મોટાભાગના નગરજનો રસ્તા ઉપર માસ્ક સાથે જોવા મળે છે. નગરના તમામ સેક્ટર અને માર્કેટમાં સતર્કતા સાથેના પગલા લેવાઈ રહ્યા છે. હેન્ડ સેનીટાઈઝર અને ટેમ્પરેચર મેઝર મશીન સાથે નગરના બજારોની તમામ મોટી દુકાનો અને શો રૂમની બહાર માણસ ગોઠવી દેવાયો છે. જે ગ્રાહકનું બોડી ટેમ્પરેચર માપીને હેન્ડ સેનીટાઈઝ કરાવી શો રૂમ કે દુકાનની અંદર એન્ટ્રી આપે છે. નગરના તમામ બજારો હવે લોક ખુલી જવાથી ધમધમે છે પરંતુ પહેલાં જેટલા ગ્રાહકો માર્કેટમાં જોવા મળતા નથી સતત વધતા જતા કેસના કારણે ક્યાંકને ક્યાંક નગરજનોને કોરોનાનો છુપો ભય છે તેમ જણાઈ રહ્યું છે.

નગર ફરીથી ધબકતું થઈ ગયું છે. લારી ગલ્લાથી લઈ તમામ પ્રકારની ચીજવસ્તુઓનો વેચાણ કરતી દુકાન તથા શો રૂમ પણ હાલ ખુલી ગયા છે તમામ જગ્યાએ પૂરતા પ્રમાણમાં પ્રિકોશન્સ પણ લેવાઈ રહ્યા છે. દુકાન ખુલ્યા બાદ જ ઘણા પોતાની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા શહેરમાં નીકળતા જોવા મળ્યા હતા. પરંતુ હાલ જોઈએ તો નગરના બજાર તો પહેલાંની જેમ ધમધમે છે પરંતુ નગરજનોનો મિજાજ બદલાયો છે. એક બાજુથી સતર્ક એવા નગરજનો કોરોનાના વધતા જતા કેસને લીધે છૂપા ભયનો અનુભવ કરી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. હાલના સમય સુધીમાં લગભગ દરેક સેક્ટરમાં એક કે બે કેસ તો આવેલા જણાય છે ઉપરાંત જે પોતાની દુકાન લઈને બેઠા છે જો તેમનો કેસ પોઝિટિવ આવે તો તેમની આજુ બાજુની દુકાનવાળા ચિંતામાં મુકાઈ જાય છે કારણ કે ગ્રાહકો એ એરિયાની આસપાસ જતા પણ સંકોચ અનુભવે છે. આમ તો માઈક્રો કન્ટેન્ટમેન્ટ કોન્સેપ્ટને લીધે જો કોઈ વેપારી પોઝિટિવ આવે તો ફક્ત તેની જ દુકાન બંધ કરાય છે પરંતુ નગરજનો તે એરીયામાં જવાનું જ ટાળે છે. જેને કારણે બીજા દુકાનદારોની દુકાનમાં ગ્રાહક આવતા નથી. આમ ગમે તેટલી સત્તા અને છુટથી હરવા-ફરવાની મંજૂરી સરકાર દ્વારા આપવામાં આવે છે છતાં પણ નગરજનોમાં ક્યાંક પૂરું આ વિષયક એક છૂપો ડર તો છે જ તેમ જણાઈ રહ્યું છે.



## ખરા ઉનાળામાં જ સ્માર્ટ વોટર એટીએમ બંધ...!!




ઉનાળો અંત તરફ આગળ વધી રહ્યો છે તેમ તેમ વધુને વધુ આકરો બનતો જાય છે, આકાશમાંથી વરતા અગનગોળા જેવી ગરમીના માહોલમાં સ્વાભાવિક રીતે માનવી વારંવાર તરસ્યો થઈ જાય છે અને પાણી પીવાની જરૂર પડે છે. પાણી એ જીવન છે અને એટલે જ તો ભારતીય સંસ્કૃતિમાં કોઈની તરસ છીપાવવા મદદરૂપ બનતી પાણીની પરબ બંધાવવી તે ઉત્તમ પૂણ્ય કાર્ય ગણાય છે. જો કે સ્માર્ટ સિટી ગાંધીનગરમાં વહીવટીતંત્રની બલિહારી તો જુઓ કે નિઃશુલ્ક પાણીની પરબ બંધાવવાની વાત તો જવા દો પરંતુ નિર્ધારિત કિંમત વસુલીને નાગરિકોને પીવાનું શુધ્ધ-ઠંડુ પાણી પુરા પાડતા વૉટર એટીએમ મશીન આ ખરા ઉનાળામાં જ ધૂળ ખાઈ રહ્યા છે ત્યારે તેની આગળથી પસાર થતા તરસ્યા વટેમાર્ગુઓ આ મશીન સામે પાણીની આશા સાથે મીટ માંડી નિરાશ થઈ રહ્યા છે.

## પ્રિ-મોન્સુન કામગીરીને પગલે સિવિલના ધાબાઓની સફાઈ








ગાંધીનગર, તા.૪

ઉનાળાની આકરી ગરમી બાદ વરસાદ વરસવાના એંધાણ વર્તાઈ રહ્યા છે ત્યારે સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા તમામ ધાબાની સફાઈ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. મેડીકલ કોલેજ અને હોસ્પિટલ ઈમારતના ધાબામાં પાણીનો ભરાવો ના થાય અને પાણીનો યોગ્ય નિકાલ થાય તે માટે તંત્ર દ્વારા પ્રિ-મોન્સુન કામગીરી કરવામાં આવી રહી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ચોમાસાની સિઝનને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. આકાશમાં ગોરંભાયેલા વાદળો ગમે ત્યારે વરસી શકે છે ત્યારે તંત્ર પણ પ્રિ-મોન્સુન કામગીરીમાં લાગી ગયું છે ત્યારે સિવિલ તંત્ર દ્વારા પણ પ્રિ-મોન્સુન કામગીરીને પગલે છેલ્લા ચાર દિવસથી ધાબાઓની સફાઈ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. સિવિલ અને મેડીકલ કોલેજ ઉપરાંત હોસ્ટેલ, ઓપીડી સહિતની ઈમારતમાં ચોમાસામાં ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ના થાય અને તેનો યોગ્ય નિકાલ થાય તે માટે ધાબા અને પાણીની ટાંકીની સફાઈ કરવામાં આવી રહી છે. જે ટાંકીના ઢાંકણા તુટી ગયા હોય કે ઉડી ગયા હોય તે પણ નવા નાંખવામાં આવી રહ્યા છે. સફાઈ કર્મચારીઓ દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી ધાબા સફાઈ ચાલી રહી છે. જેમાં ઓપીડી બિલ્ડીંગ, ૬૦૦ બેડની હોસ્પિટલ, જુની બિલ્ડીંગ, મેડીકલ કોલેજ અને હોસ્ટેલ તેમજ ઓડિટોરીયમનો સમાવેશ થાય છે. વરસાદી પાણીને પગલે મચ્છરોની ઉત્પત્તિ ના થાય તે માટે ખાસ સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ છે.

## આજે રાત્રે ૧૧.૧૫ કલાકે વર્ષ ૨૦૨૦નું બીજું ચંદ્રગ્રહણ યોજાશે

### રાત્રે ૧૧.૧૫ કલાકે ગ્રહણ પ્રારંભ થશે જે ૧૨.૫૪ કલાકે મહત્તમ અસર સાથે ૨.૩૪ કલાકે પૂર્ણ થશે

ગાંધીનગર, તા.૪

કોરોના મહામારીના ડર વચ્ચે નાગરિકોને ફરી એકવાર અદભૂત અવકાશી નજારો માણવા મળશે. આવતીકાલે તા. ૫મી જૂન શુક્રવારે રાત્રે ૧૧.૧૫ કલાકે ઉપરછાયા પ્રકારનું ચંદ્રગ્રહણ યોજાશે. જેમાં ચંદ્ર ૫૯ ટકા જેટલો પૃથ્વીના પડછાયાથી ઢંકાયેલો જોવા મળશે. ઉલ્લેખનીય છે કે અગાઉ તા. ૧૦મી જાન્યુઆરીએ વર્ષ ૨૦૨૦નું પ્રથમ ચંદ્રગ્રહણ જોવા મળ્યું હતું. આ ઉપરાંત આવતીકાલે રાત્રે ૮ થી ૧૦ દરમિયાન 'ગ્રહણ વિશે જાણીએ, વિજ્ઞાનને સમજીએ'



કાર્યક્રમ અંતર્ગત ગુજકોસ્ટ દ્વારા ઓનલાઈન વેબિનાર યોજાશે.

આજના યુગમાં પણ ચંદ્રગ્રહણ સાથે માન્યતાઓ અને અંધશ્રધ્ધાઓ પ્રવર્તમાન છે અને ગ્રહણને અશુભ માનવામાં આવે છે. પરંતુ ચંદ્રગ્રહણ એ વૈજ્ઞાનિક દષ્ટિએ ખગોળીય ઘટના છે. ચંદ્રગ્રહણ નરી આંખે જોઈ શકાય છે, તેના માટે કોઈ ચશ્મા કે ફીલ્ટરની જરૂર રહેતી નથી. હાલમાં નિસર્ગ વાવાઝોડાની અસર હેઠળ ગુજરાતના કેટલાક ભાગોમાં વાદળછાયું વાતાવરણ છે જે આ અદભૂત અવકાશી ઘટનાને નિહાળવામાં અવરોધરૂપ બની શકે છે. 'એક્સ્પ્લોર એકલીપ્સ, એન્જોય સાયન્સ' કાર્યક્રમ અંતર્ગત તા. ૫મી જૂને રાત્રે ૮ થી ૧૦ દરમિયાન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી-ગુજકોસ્ટ દ્વારા ઓનલાઈન વેબિનાર લાઈવ ટૉક શૉનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઈસરોના વિજ્ઞાની સી.એમ. નાગરાની, વિજ્ઞાન પ્રસારના વિજ્ઞાની ડૉ. બી.કે. ત્યાગી, ગુજકોસ્ટના એડવાઈઝર તથા મેમ્બર સેક્રેટરી ડૉ. નરોત્તમ સાહુ, ભૂજથી સ્ટાર ગેઝીંગ ઈન્ડિયાના ખગોળશાસ્ત્રી નરેન્દ્રભાઈ ગોર, બીગ બેંક એસ્ટ્રોનોમી કલબ અને લોક વિજ્ઞાન કેન્દ્રના નિલેષ રાણા સહિત નિષ્ણાંતો જોડાશે. ચંદ્રગ્રહણ ૧૧.૧૫ થી ૨.૩૪ કલાક સુધી ચાલશે.



ગાંધીનગરમાં વિકાસના કામો ધીમે ધીમે શરૂ થયા છે. સ્થાનિક મજૂરો મારફતે વિકાસના કામો શરૂ કરવામાં આવ્યા છે. ગ-૨ થી ગ-૩ના માર્ગ ઉપર નવા થાંભલા નાંખવાનું કામ શરૂ થઈ ચુકયું છે. વરસાદ પહેલાં આ કામ પૂર્ણ થાય તેવું તંત્રનું આયોજન છે.

## સેકટર-૮ના મનોજભાઈ જોષી પર્યાવરણના સાચા સંવર્ધક








ગાંધીનગર, તા.૪

આજે પર્યાવરણ દિવસ... લાંબા સમયથી કોરોના કાળમાંથી પસાર થઈ રહેલા આપણ સહુ માટે અનેક તહેવારો, ઉજવણીઓ અને અગત્યના દિવસો વિસારે પડયા છે. પરંતુ આજનો દિવસ તો અતિ મહત્વનો દિવસ એને કેમ ભૂલાય!!

અત્યારે આપણે જે તકલીફમાંથી પસાર થઈ રહ્યા છીએ, એ કદાચ આજના દિવસની મહત્તા ભૂલવાનું જ કારણ છે. પર્યાવરણની મહત્તા આપણા જીવનના પ્રત્યેક પળમાં સમાયેલી છે. કુદરતી સંપત્તિનો માનવો દ્વારા થતા વેડફાટની વાતો સમગ્ર વર્ષ દરમિયાન થતી રહે છે. સજાગતાના કાર્યક્રમો અને એવા અનેક પ્રયત્નો પણ થતાં રહે છે. પરિણામ તો આપણે સહુ જાણીએ જ છીએ...

આપણું ગાંધીનગર આમ તો પ્રાકૃતિકનગરની ઉપાધિ પામી શકે એવું હજી સુધી તો છે. આ નગરમાં એવા જ અનેક પ્રકૃતિના ઉપાસક પણ વસે છે. આજે એક એવા જ સંવેદનશીલ વ્યકિતની વાત કરવાનું મન થાય છે.

સેકટર-૮માં વસતા મનોજભાઈ જોષી મૂળે કલાકાર, દયાળુ અને કરૂણાસભર વ્યકિતત્વ ધરાવતા મનોજભાઈ સતત પ્રકૃતિમય જીવન જીવે છે.

બાળપણથી જ પ્રાણીઓ પ્રત્યે અજબનો સ્નેહ ધરાવતા મનોજભાઈ ગલુડિયા, સ્નેલ, કાચબા, નોળિયા, ખિસકોલી જેવા નિર્દોષ પ્રાણીઓની એમની માંદગી દરમિયાન સારવાર કરીને, હૂંફ આપીને ફરી કુદરતને ખોળે રમતા મુકી અત્યંત હર્ષ અનુભવતા. અકસ્માતે ઘવાયેલા પશુ પક્ષી માટે રાત દિવસ એક કરવામાં કયારેય પાછું વાળીને જોતા નહીં. એમની આ જીવદયાની ટોચ તો ત્યારે જોવા મળતી જયારે તેઓ ચોમાસામાં ખાડામાં ભરાયેલા પાણીમાં જન્મ લેતી માછલીઓની પણ કાળજી રાખતા. ખાડામાં પાણી સૂકાઈ જવાની બીકે એ નાના જીવોને પોતાની બોટલમાં ભરી ઘરે લાવી, પાણીમાં મુકી જીવાડવાનો પ્રયત્ન કરતા...

મનોજભાઈ કહે છે મને બગીચો ખૂબ ગમે. છોડની કાળજી લેવી એમને પ્રેમથી ઉછેરવામાં મને અત્યંત આનંદ મળે છે. ઘરની બિનઉપયોગી પણ છોડ ઉછેરવાને લાયક સાધનોમાં નવા-નવા છોડ વાવી... ઉછેરીને દોસ્તો-મિત્રોને ભેટ આપવાનું એમને ખૂબ ગમે છે પહેલેથી જ કુદરત સાથે રહેવું, કુદરતની સેવા કરવી એ એમના જીવન સાથે વણાઈ ગયેલી બાબત છે. છોડ ઉછેરમાં કલમ પધ્ધતિના પ્રયોગો કરવા એ એમની ગમતી પ્રવૃત્તિ ગણાવે છે. લગ્ન કે સમારંભોમાં સાચા ફૂલનો શણગાર ન કરવાના એ હિમાયતી છે.

આ રજાના દિવસોનો ઉપયોગ એમણે પોતાના હાથે પંખીઓ માટે 'પંખી ઘર' બનાવીને કર્યો. મનોજભાઈ પોતે ખૂબ સારા ચિત્રકાર અને તબલાવાદક પણ છે. એક કલાકારનું સંવેદનશીલ મન હંમેશા કોઈકના માટે કંઈક સારું કરવા લલચાય એ સ્વાભાવિક વાત છે. એમાં પણ કુદરત સાથેનું સામજસ્ય તો અંતરને તૃપ્તિથી તરબતર કરી દેનારું હોય છે. મનોજભાઈ જેવા અનેક પ્રકૃતિ પ્રેમીઓ અને અબોલજીવોના સેવકોને કારણે હજુ કુદરત આપણાથી સાવ રૂઠી નથી ગઈ.

મનોજભાઈ અરૂણોદય સેવા ટ્રસ્ટના પક્ષી પરબ વિતરણમાં પણ ખુબ ઉત્સાહથી ભાગ લે છે. આ એક નાનકડા વાયરસે આપણને જબરજસ્ત પાઠ ભણાવ્યો છે. કુદરતની અવગણના, એની બેફામ લૂંટફાટ અત્યારે સમગ્ર વિશ્વ પર ભારી છે. અબજો વર્ષો જુની હિમશીલા-ગ્લેશિયર્સ ઓગળી રહ્યા છે. સમુદ્રના પાણીનું સ્તર વધીને કેટલાય દેશોને ગળી જવાની તૈયારીમાં છે. પરમાણુ શસ્ત્રોનું પરીક્ષણ કરવામાં જીવલેણ વિકિરણો ફેલાવે છે. આવી અનેક વિનાશકતા રોકવામાં આપણું ખીસકોલી જેટલું યોગદાન આપી શકાય તો પણ એ ઘણું કહેવાશે. રોજીંદા જીવનમાં પાણી, કચરો, વીજળી જેવી અનેક બાબતોમાં આપણે સુધરવાનું છે અને એ દરેકની બચત અને સાચવણી આપણી ફરજ છે.

રમેશ પારેખના શબ્દોની સંગતમાં ત્યારે જ સાચી રંગત અનુભવાશે....

તારો વૈભવ રંગમોલ
સોનું ને ચાકરધાડું
મારે ફળીએ ચકલી
બેસે તે મારું રજવાડું....

## ૮મી જૂન પહેલા તમામ ધાર્મિક સ્થળોનું સેનિટાઈઝેશન કરો : શૈલેન્દ્રસિંહ બિહોલા

ગાંધીનગર, તા.૪

કોવિડ-૧૯ને કારણે ગાંધીનગર છેલ્લા બે માસથી વધુ સમયથી લોકડાઉન હેઠળ હતું અને હવે અનલોક-૧ના પ્રારંભ સાથે જ શહેર ધીમે ધીમે રાબેતા મુજબ પાટે ચડી રહ્યું છે. અત્યાર સુધી શહેરમાં સમગ્ર વેપાર-ધંધા, દુકાનો, વાણિજિયક એકમો, મેળાવડાં, ધાર્મિક-સામાજિક પ્રંસગો, હોટલો, સિનેમાઘરો સાથે ધાર્મિક સ્થળોને પણ અત્યાર સુધી બંધ રાખવામાં આવ્યા હતા. હવે કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ આગામી તા. ૮મી જૂનથી ધાર્મિક સ્થળો ખોલવાની મંજૂરી આપવામાં આવી છે ત્યારે ગાંધીનગર મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ તમામ ધાર્મિક સ્થળોનું સેનેટાઈઝેશન કરાવવા માંગ કરી છે.

શૈલેન્દ્રસિંહ બિહોલાએ મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી તા. ૮મી જૂન પહેલા શહેરના તમામ ધાર્મિક સ્થળોને સેનિટાઈઝેશન કરવાની માંગ કરતા જણાવ્યું છે કે શહેરમાં અત્યાર સુધી બંધ રહેલા ધાર્મિક સ્થળો જેવા ખુલશે એટલે ધાર્મિક આસ્થા સાથે જોડાયેલા શ્રધ્ધાળુ ભકતો દરેક ધાર્મિક સ્થળે દર્શન કરવા જશે તે સ્વાભાવિક છે. આ સ્થિતિમાં કોવિડ-૧૯નું સંક્રમણ વધે નહીં તે માટે યોગ્ય તકેદારી લેવી જરુરી છે.

## દુઃખદ અવસાન

પેથાપુરના વતની અને પેથાપુરની શેઠ મ.ભ. હાઈસ્કૂલમાં વર્ષોથી કલાર્ક તરીકેની ફરજ બજાવી નિવૃત્ત થયેલા મુકુંદભાઈ પરસોત્તમદાસ પરમાર ઉંમર વર્ષ ૬૨નું તા. ૩-૬-૨૦૨૦ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સ્વભાવે નિખાલસ અને પરોપકારી એવા સ્વર્ગસ્થ મુકુંદભાઈ પેથાપુર સ્વામિનારાયણ મંદિરમાં કોઠારી તરીકે પોતાની માનદ સેવા પણ આપતા હતા. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈ તેઓની લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

## ચિરવિદાય

- સ્વ. નટવરલાલ જેઠાભાઈ સોલંકી, ઉ.વ. ૫૮, મુ.મોટા ચિલોડા
- સ્વ. ભીખીબેન બકોરજી ઠાકોર, ઉ.વ. ૫૫, મુ. સિલોહી મોટી
- સ્વ. સાવિત્રી ચીમનલાલ વાઘેલા, ઉ.વ. ૭૭, ગુ.હા. બોર્ડ
- સ્વ. ડાભી શામળાજી રામાજી, ઉ.વ. ૬૮, મુ. પેથાપુર
- સ્વ. પટેલ કેશુભાઈ નરોત્તમભાઈ, ઉ.વ. ૮૮, સે-૨૧
- સ્વ. કાન્તાબેન બાલાજી ઠાકોર, ઉ.વ. ૭૫, ગામ-છાલા
- સ્વ. પુષ્પાબેન જયંતિલાલ ગોર, ઉ.વ. ૮૧, સાબરમતી-અમદાવાદ